**પ્રશ્ન- : ઓટની ખેતી કેવી રીતે કરવી ?**

જવાબ: કેન્ટ, ઓ.એલ.-૯ અને જે.એચ.ઓ.-૮૨૨ ઓટની સુધારેલી જાતો છે.

નવેમ્બરના બીજા પખવાડિયામાં વાવણી કરવી. લીલા ચારાનું ઉત્પાદન સતત લેવું હોય તો ઓટની વાવણી દર ૧૫ દિવસના ગાળે ઓકટોબર માસથી શરૂ કરી ડીસેમ્બર સુધી કરી શકાય અથવા જુદાં જુદાં સમયે પાકતી હોય તેવી જાતોનો જુદો જુદો વિસ્તાર વાવવાથી પણ મળી શકે છે.

વિઘે ૧૨ થી ૧૬ કિ.ગ્રા. બિયારણનો દર રાખી ૨૫ સે.મી.ના અંતરે હારમાં વાવણી કરવી જોઈએ.

જમીન તૈયાર કરતી વખતે વિઘા દીઠ ૧ થી ૧.૫ ટન છાણીયું ખાતર આપવું. એક કાપણી માટે વાવણી વખતે વિઘે ૧૦ કિ.ગ્રા. ડાયએમોનિયમ ફોસ્ફેટ અને ૨૦ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ પાયાના ખાતર તરીકે તેમજ ૧૪ કિ.ગ્રા. યુરીયા વાવણી બાદ ૩૦ દિવસે પૂર્તિ ખાતર તરીકે આપવું જોઈએ. બીજી કાપણી માટે પ્રથમ કાપણી કયર્ા બાદ ૨૦ કિ.ગ્રા. યુરીયા આપવું. જો જમીનમાં સુક્ષમ તત્વોની ઉણપ હોય તો તેની પૂર્તિ કરવી.

સામાન્યત: ઓટના પાકમાં નિંદામણ અને આંતરખેડની જરૂરિયાત ઓછી રહે છે કારણકે તેને ઘાટો વાવવાથી નીંદણને વધવાનો અવકાશ મળતો નથી. છતાં વાવણી બાદ ૩-૪ અઠવાડીયે એકાદ વખત નિંદામણ કરવું. વાવણી બાદ ૩૦-૩૫ દિવસે ૧૦ લીટર પાણીમાં ૪૦ મીલી પ્રમાણે ૨,૪-ડી (ઈઈ) ઓગાળી છંટકાવ કરી શકાય.

એક કાપણી પધ્ધતિમાં ૧૨-૧૫ દિવસના અંતરે ૫-૬ પિયત આપવા. જયારે બે કાપણી પધ્ધતિમાં વધારાના ૨ પિયતની જરૂરિયાત રહે છે.

શિયાળામાં વધુ લીલો ચારો, સુકો ચારો, ક્રુડ પ્રોટીન અને ચોખ્ખું વળતર મેળવવા માટે ઓટ કેન્ટ પાકને મકાઈ ગંગા સફેદ-૨ અને રજકા આણંદ-૨ સાથે આડી-ઉભી ૨૫ સે.મી.ના અંતરે વાવણી કરવી જોઈએ. ધાન્ય પાક સાથે કઠોળ પાક કરવાથી ચારાની ગુણવતા પણ વધે છે.

પ્રથમ કાપણી ૭૦-૮૦ દિવસે અને બીજી કાપણી ત્યાર બાદ ૪૫ દિવસે કરવી. ઓટના પાકમાં ૫૦% ફુલ અવસ્થાએ કાપણી અચુક કરવી જોઈએ. ઓટનું એકલું ઘાસ પશુને ન ખવડાવતાં તેને કઠોળ વર્ગના ઘાસ સાથે ૬૦:૪૦%ના પ્રમાણમાં મિશ્ર કરી ખવડાવવું જોઈએ.

એક કાપણીમાં વિઘે હેકટરે ૬૦-૮૦ કિવન્ટલ અને બે કાપણીમાં ૮૦-૧૦૦ કિવન્ટલ લીલા ચારાનું ઉત્પાદન મળે છે.